# રાજય કૃષિ યુનિવર્સિટીઓ, ગુજરાત

## જાહેરાત ક્રમાંક : ૨/૨૦૧૮ (સુધારેલ જાહેરાત) અન્વયે જુનીયર કલાર્કની ભરતીમાં ભાગ-૧ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા (OMR- ઓપ્ટીકલ માર્ક રીડીંગ)ને લગતી અગત્યની સૂચનાઓ

| | |
|---|---|
| ૧ | આ પરીક્ષામાં આપનો પ્રવેશ યુનિવર્સિટીની જાહેરખબર અને તેને સંબંધિત સૂચનાઓને આધારે આપે ઓનલાઇન ભરેલ અરજીપત્રકમાંની વિગતો અને તે હેઠળના સોંગદનામાંના આધીન રહીને આપવામાં આવે છે. |
| ૨ | પરીક્ષાર્થીને **Admit Card** (પ્રવેશ પત્ર) મળે કે તરત જ તેમાં દર્શાવેલી નીચેની બાબતો નોંધ લેવી.<br>(૧) ઉમેદવારનું પુરેપુરૂ નામ<br>(૨) રોલ નંબર, નોંધણી નંબર, જન્મ તારીખ<br>(3) પરીક્ષાનું શહેર, પરીક્ષા કેન્દ્રનું સરનામું, શહેરનો કોડ, કેન્દ્રનો કોડ<br>(3) પરીક્ષાની તારીખ અને સમય |
| 3 | **પરીક્ષાના નિર્ધારીત સમય કરતા ૧-30 (દોઢ) કલાક પહેલા ઉમેદવારે પરીક્ષાના સ્થળે ફરજીયાત હાજર થવાનું રહેશે.** દરવાજો બંધ કર્યા બાદ કોઇપણ પરિસ્થિતિઓમાં ઉમેદવારને પરીક્ષા કેન્દ્રમાં દાખલ થવાની અનુમતિ આપવામાં આવશે નહી. |
| ૪ | જો આપ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની જરૂરી લાયકાતો પરિપૂર્ણ કરતા ન હોવ તો આપને આ પરીક્ષામાં નહી બેસવા સલાહ આપવામાં આવે છે. |
| ૫ | પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપે ડાઉનલોડ કરેલ **Admit Card** (પ્રવેશ પત્ર) અચૂક સાથે લાવવાનો રહેશે. અન્યથા પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. |
| ૬ | કૃપા કરીને **Admit Card** (પ્રવેશ પત્ર)માં દર્શાવેલ જગ્યા પર પાસપોર્ટ સાઇઝનો રંગીન ફોટોગ્રાફ (ઓનલાઇન અરજી પત્ર ભરતી વખતે અપલોડ કરેલા ફોટા જેવો જ.) ચોંટાડી સાથે લાવવું. ફોટા પાછળ પોતાનું નામ તથા રોલ નંબર અવશ્ય લખવો. પ્રવેશ પત્ર પર ફોટોગ્રાફ વગરના ઉમેદવારને પરીક્ષામાં બેસવાની અનુમતિ આપવામાં આવશે નહી. |
| ૭ | **Admit Card** (પ્રવેશ પત્ર) સાથે કોઇ એક અસલ ફોટો ઓળખપત્ર લાવવું ફરજીયાત છે. જેમ કે **પાનકાર્ડ/પાસપોર્ટ/ડ્રાઈવીંગ લાયસન્સ/મતદાર કાર્ડ/ફોટોગ્રાફ ધરાવતી બેંકની પાસબુક/અસલ આધાર કાર્ડ,ઓળખપત્ર** વગરના ઉમેદવારને પરીક્ષામાં બેસવાની અનુમતિ આપવામાં આવશે નહી. જો ઉમેદવારની ઓળખ શંકાસ્પદ જણાશે તો ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. |
| ૮ | અસલ **Admit Card** (પ્રવેશ પત્ર) વગરના ઉમેદવારને કોઇ પણ પરિસ્થિતિઓમાં પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. ઉમેદવારે નિરીક્ષકની હાજરીમાં પ્રવેશ પત્ર પર આપવામાં આવેલા ઘોષણા પત્ર પર પોતાના હસ્તાક્ષર કરવા જરૂરી છે. ઉમેદવારોએ તેઓના **Admit Card** (પ્રવેશ પત્ર) પરીક્ષા ખંડમાં નિરીક્ષકોને સોંપી દેવાના રહે છે. ઉમેદવારોને ભાવિ સંદર્ભ માટે પોતાના **Admit Card** (પ્રવેશ પત્ર) ની એક નકલ રાખવાની સલાહ આપવામાં આવે છે. |
| ૯ | પરીક્ષા દરમ્યાન ઉમેદવારની બાયોમેટ્રિક ઓળખ કેપ્ચર કરવામાં આવશે. બાયોમેટ્રિક રજીસ્ટ્રેશન અને ઓળખપત્રની માહિતીના એકત્રિકરણ/ખરાઇ માટે ઉમેદવારોને વધારાની ૫(પાંચ) મીનીટ આપવામાં આવશે. |
| ૧૦ | ઉમેદવારોને પરીક્ષા પૂર્ણ થતા પહેલા અને ઉત્તરવહી નિરીક્ષકને સોંપ્યા વગર પરીક્ષા ખંડની બહાર જવાની અનુમતિ આપવામાં આવશે નહી. |

| | | |
|---|---|---|
| ૧૧ | **ઉમેદવારે માત્ર પરીક્ષા માટે સારી ગુણવત્તાની કાળી બોલ પોઇન્ટ પેન સાથે લાવવાની રહેશે. પેન્સિલ, શાહી/સ્કેચપેન અથવા જેલ પેનનાં ઉપયોગ પર સદંતર પ્રતિબંધ છે.** | |
| ૧૨ | **ખોટા જવાબના કિસ્સામાં ઉમેદવારને ૦.૨૫ નકારાત્મક ગુણાંક આપવામાં આવશે. જવાબો બદલવા માટે કોઇ વ્હાઇટનરો/ઈરેઝર/બ્લેડનો ઉપયોગ કરવાની અનુમતિ આપવામાં આવતી નથી. તેવા જવાબો માટે કોઇ ગુણાંકો આપવામાં આવશે નહી.** | |
| ૧૩ | પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતા પહેલા ઉમેદવાર વ્યાપક અને ફરજીયાત તપાસણીને આધિન રહેશે. | |
| ૧૪ | **ઉમેદવારોને કોઇપણ પરિસ્થિતિઓમાં પરીક્ષા કેન્દ્રની અંદર નીચેની વસ્તુઓ સાથે લઇ જવાની અનુમતિ આપવામાં આવતી નથી.** | |
| | (૧) | કોઇપણ સ્ટેશનરીની વસ્તુઓ જેમ કે લેખિત સામગ્રી (મુદ્રિત અથવા લેખિત), કાગળની કાપલીઓ, ભુમિતિ/પેન્સિલ બોક્સ, પ્લાસ્ટિકનો બટવો, કેલ્કયુલેટર, રાઇટીંગ પેડ, પેન ડ્રાઇવ, ઇરેઝર, લોગ ટેબલ, ઇલેક્ટ્રીક પેન/સ્કેનર વગેરે. |
| | (૨) | કોઇપણ સંચારના ઉપકરણો જેમ કે, મોબાઇલ ફોન, કેમેરા, બ્લુટુથ, ઇયરફોન, માઇક્રોફોન, પેજર, હેલ્થ બેન્ડ વગેરે.એવી અન્ય કોઇ વસ્તુઓ જેનો ગેરરીતીઓ માટે ઉપયોગ કરી શકાય. કેમેરા, બ્લુટુથ ઉપકરણો વગેરે સંતાડવા માટે કરી શકાય. |
| | (૩) | મોટી ઇયરરિંગો, મોટા હાર જેવા ભારે આભૂષણો પહેરવા નહીં અને ચેન, પેન્ડન્ટ, બેડ્જ, બ્રુચ વગેરે જેવા ઘરેણાઓ તેઓની સાથે હોય તો તેઓને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે નહી. સ્માર્ટ વોચ,પાકીટ, ગોગલ્સ, હાથથેલા, બકલ સાથેના બેલ્ટ, ટોપી વગેરે જેવી અન્ય વસ્તુઓ. |
| | (૪) | કોઇપણ ખુલ્લી કે પેક કરેલી ખાદ્ય વસ્તુઓ, પાણીની બોટલ વગેરે. કોઇપણ પ્રકારની ધાતુની વસ્તુઓ. |
| ૧૫ | જો કોઇપણ ઉમેદવાર પ્રતિબંધિત વસ્તુઓ સાથે કેન્દ્રની અંદર મળી આવશે તો તેને ગેરરીતી ગણવામાં આવશે અને સંબંધિત પ્રાવધાનો સાથે તેવા ઉમેદવાર સામે પગલાઓ લેવામાં આવશે. | |
| ૧૬ | ઉમેદવારોની કોઇપણ વસ્તુઓ/સામાન રાખવા માટે કેન્દ્રો પર કોઇ વ્યવસ્થા કરવામાં આવશે નહી. | |
| ૧૭ | ગણવેશ : પરીક્ષામાં બેસતી વખતે ઉમેદવારોને નીચે મુજબના ગણવેશનું પાલન કરવાની સૂચના આપવામાં આવે છે. | |
| | (૧) | હળવા કપડા જેમ કે પાટલૂન, સલવાર સુટ વગેરે જે મોટા બટનો,બ્રુચ/બેડ્જ, ફુલ વગેરે ન ધરાવતા હોય |
| | (૨) | સ્લીપર, નીચી એડીના સેન્ડલ |
| | (૩) | જુતા સાથે પ્રવેશની અનુમતિ નથી. |
| ૧૮ | ઉમેદવારે પ્રદાન કરેલી માહિતી અનુસાર ઉમેદવારને હંગામી રીતે **Admit Card** (પ્રવેશ પત્ર) જારી કરવામાં આવે છે. ઉમેદવારની લાયકાતની ખરાઇ કરવામાં આવેલી નથી. એપોઇન્ટમેન્ટ/ ભરતી પહેલા નિમણૂંકકર્તા અધિકારી તેની ખરાઇ કરશે. પરીક્ષા માટે લાયકાત મેળવવી ભરતી/નોકરી માટે કોઇ વ્યકિતને અધિકાર આપતી નથી કારણ કે તે એપોઇન્ટમેન્ટ માટેની એક પાત્રતા માત્ર છે. | |
| ૧૯ | લેખિત પરીક્ષા માટે ઉમેદવારે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે, તેને માટે રાજયની કૃષિ યુનિવર્સીટીઓ તરફથી કોઇ ભાડા-ભથ્થુ ચૂકવવામાં આવશે નહી. | |